જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૩/૨૦૨૦ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૭૧/૨૦૨૦**

# હથિયારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ઝોન-૭ સ્કોર્ડ :**

## દેશી તમંચો તથા બે જીવતા કાર્ટીઝ સાથે એક ઇસમને ઝડપી પાડતો ડીસીપી ઝોન-૭ સ્કોડ

પોલીસ કમીશ્નર સાહેબશ્રી તથા સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-7 સાહેબશ્રી નાઓની સુચનાથી લુંટ ધાડ જેવા મિલ્કત સબંધી ગંભીર ગુના બનતા બનાવો અટકાવવા તેમજ બનેલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થીતી જાળવવા સારૂ આજ રોજ પો.સ.ઇ. વી.જે.જાડેજા તથા સાથેના પોલીસ સ્ટાફના માણસો સાથે ઝોન-૭ વીસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન સાથેના અ.લો.ર. રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ નાઓને સંયુકત રીતે ખાનગી બાતમીદારથી હકીકત મળેલ, જે આધારે આરોપીને દેશી તમંચો નંગ- ૦૧ તથા કાર્ટીઝ નંગ-૦૨ સાથે પકડી પાડી સદરીને આજ રોજ તા-૦૬/૦૩/૨૦૨૦ ના કલાક- ૨૧/૦૦ વાગ્યે અટક કરી કુલ્લે કિં.રૂ.- ૫૧૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**આરોપી:**

અબ્દુલઅઝીજ સ/ઓ અબ્દુલકાદર શેખ ઉવ- ૪૫ રહે- મકાન નં.- ૩૭,૩૮, ગુલાબ પાર્ક, ઉસ્માની મસ્જીદ પાસે, એકતા મેદાન પાછળ, વેજલપુર અમદાવાદ

**મુદ્દામાલ:**

(૧) હાથ બનાવટી દેશી તમંચો નંગ- ૦૧ કિ.રૂ. ૫,૦૦૦/-

(૨) કાર્ટીઝ નંગ- ૦૨ કિમત રૂ.૧૦૦/- મળી કુલ્લે કિ.રૂ.- ૫,૧૦૦/- ની મતાનો મુદામાલ

આ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:

ડીસીપી ઝોન-૭ સ્કોડ અમદાવાદ શહેરના પો.સ.ઇ. વી.જે.જાડેજા તથા મ.સ.ઇ. મીલન એલ.રામાણી તથા મ.સ.ઇ. અજયકુમાર કનુજી તથા હે.કો. ગજેંદ્રસિંહ ઇશ્વરસિંહ તથા પો.કો. વિજયસિંહ હનુભા તથા પો.કો. હરપાલસિંહ વિક્રમસિંહ તથા પો.કો. મનુભાઇ વલુભાઇ તથા પો.કો. ભાનુભાઇ વજુભાઇ તથા પો.કો. અંજુમઅલી ઇસમઅલી તથા અ.લો.ર. રવિરાજસિંહ મહિપતસિંહ તથા અ.લો.ર. નાગરાજભાઇ અમકુભાઇ



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## સરખેજ પોલીસ સ્ટેશન

### મોટર સાયકલ ચોરીના આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોર્ડનાં પો.સબ.ઇન્સ.વી.ડી.ડોડીયા તથા અ.હેડ.કોન્સ.અજીતસિહ પ્રભાતસિહ બ.નં-૪૧૨૮ તથા અ.હેડ કોન્સ.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૮૪૭૪ તથા અ.પો.કો.સુરેશભાઇ ગગુભાઇ બ.નં.૯૭૭૩ તથા અ.પો.કો.જયરાજસિંહ મહિપતસિંહ બ.નં.૮૮૧૫ તથા અ.લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ નાઓ સાથે ટીમ બનાવી સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.હેડ.કો.રાજેશકુમાર પ્રવિણભાઇ બ.નં.૮૪૭૪ તથા અ.લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ નારણભાઇ બ.નં.૩૧૮૦ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે સરખેજ ફતેવાડી સવેરા હોટલ ત્રણ રસ્તા ખાતેથી ચોરી કરેલ સ્પલેંડર મો.સા.નંબર-GJ-01-JX-0832 સાથે આરોપીઓને પકડી પાડી વેજલપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં-૫૩/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે આરોપીઓને પકડી અટક કરી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**કબ્જે કરેલ મુદ્દામાલ-**

(૧)ગુનાના કામે ચોરીમાં ગયેલ સ્પલેંડર મો.સા.નં.GJ-01-JX-0832 નુ જેની કિં.રૂ.૨૦000/- ની મતાનુ
(૨)વીવો કંપનીનો 17 PRO મોડલનો મોબાઇલ ફોન જેની કિં.રૂ.૨૦,000/- મતાનો

- **પકડાયેલ આરોપીઓ:-**
- (૧)ઇમરાન સન/ઓ મહોમદભાઇ લાડભાઇ સિપાઇ ઉ.વ.૨૧ રહે.મ.નં.૮,સમશેર બાગ સોસાયટી લાલબાગ ગરીબ નવાબ કબ્રસ્તાનની સામે ફતેવાડી વેજલપુર અમદાવાદ શહેર
- (૨)મોહમદ ઇમરાન હુસેન સન/ઓ સજીમખાન શેખ ઉ.વ.૨૪ રહે.૨૯,કોમ્પલેક્ષ રોયલ હોટલની સામે સરખેજ જુહાપુરા રોડ સરખેજ ઢાળ સરખેજ અમદાવાદ શહેર મુળ વતન ગામ-શીશાવારી કમાતી તા-કિશનગંજ જિ- ટેરાગઢ બિહાર



# "SHE TEAM" ની કામગીરીની વિગત

| | |
|---|---|
| ઓઢવ SHE TEAM દ્વારા ઓઢવ વિસ્તારના સીનીયર સીટીઝન ની મુલાકાત લેવામાં આવી. |  |
|  |  |

# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## તા.૦૭/૦૩/૨૦૨૦ ના પોલીસ  સ્ટેશન  વિસ્તારમાં પેટ્રોલીગ દરમ્યાન ભારતીય બનાવટની "વિદેશીદારુની ૩૬૦" બોટલ પકડતી નરોડા પોલીસ'

અધીક પોલીસ કમીશ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે  પ્રોહીબીશનની બદી નેસ્તનાબુદ કરવા સારૂ સુચના કરવામાં આવેલ હોય તે અનુસંધાને સખતમાં સખત પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોય જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી નાઓની સુચના મુજબ પ્રો.પો.સ.ઇ.જે.જી.કામળીયા તથા  સાથેના માણસો વાહન ચેકિંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ફોર વ્હીલર આર્ટીયા પ્યોર એલ.એક્ષ.નં.-જી.જે.-૦૧-ડી.વી.-૦૬૯૧ નાને રોકવા જતા ભાગી જતા સદરી ગાડીનો પીછો કરતા ગાડી મુકીને ભાગી જતા તેનો વિરૂધ્ધ તા.૦૭/૦૩/૨૦૨૦ ના કલાક ૪/૩૦ વાગે  તેના વિરુધ્ધ ધી પ્રોહી એક્ટ કલમ,૬૫(ઇ),૧૧૬(બી),૮૧ તથા ૯૮(૨), મુજબનો ગુનો નોધી સારી કામગીરી કરેલ છે .

તા-૦૭/૦૩/૨૦૨૦.

**આરોપીનુ નામ –** (૧) ફોર વ્હીલર આર્ટીયા પ્યોર એલ.એક્ષ.નં.-જી.જે.-૦૧-ડી.વી.-૦૬૯૧ નો ચાલક તથા (૨) સદરી ફોર વ્હીલર આર્ટીયા પ્યોર એલ.એક્ષ.નં.-જી.જે.-૦૧-ડી.વી.-૦૬૯૧ નો માલિક તથા તપાસમાં મળી આવે તે

**મુદ્દામાલ –** ભારતીય બનાવટના વિદેશીદારૂની જુદી જુદી બ્રાન્ડની શીલબંધ બોટલો કુલ્લે બોટલ નંગ-૩૬૦ ના  કિ.રૂ.૧,૮૦,૦૦૦/- ની તથા સફેદ કલરની આર્ટીયા પ્યોર ગાડી કિ.રૂ.૩,૦૦,૦૦૦/- મળી  કુલ્લે કિમંત રૂપિયા.૪,૮૦,૦૦૦/-ની મત્તાનો

**કામગીરી કરનાર કર્મચારી**

પ્રો.પો.સ.ઇ. જે.જી.કામળીયા તથા એ.એસ.આઇ.રંગુસિંહ જવાનસિંહ બ.નં.-૮૦૪૬ અ.હેડ કોન્સ.મહેન્દ્રસિંહ હરીશચંદ્રસિંહ બ.નં.૦૧૬૨ તથા વા.ઓ.એલ.આર.ડી.નીતેશ નરેશભાઇ બ.નં.-૧૦૩૦.



# પાસા અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૬.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ પશ્ચીમ રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી લોકોની નજર ચુકવી મો.ફોન તથા બેગ તેમજ રોકડા નાણાની ચોરી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો નામે ૧. અજય હરીશંકર પાલ રહેવાસી કાલુપુર ફુટ માર્કેટની સામે ફુટપાથ ઉપર મુળ રહેવાસી- ગામ- તેજીપુર તા-સુરીયાવા બજાર થાના સુરીયાવા બજાર, જીલ્લો- ભદોઈ ઉત્તરપ્રદેશ તથા ૨. કિશન પુનાભાઈ રાજુભાઈ બાવાજી (અઘોરી) રહેવાસી- કાલુપુર ફુટ માર્કેટની સામે ફુટપાથ ઉપર મુળ વતન-ધરાનગર શેરી ન. ૫ જુનાગઢ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત તથા વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અજય હરીશંકર પાલ રહેવાસી કાલુપુર ફુટ માર્કેટની સામે ફુટપાથ ઉપર મુળ રહેવાસી- ગામ- તેજીપુર તા-સુરીયાવા બજાર થાના સુરીયાવા બજાર, જીલ્લો- ભદોઈ ઉત્તરપ્રદેશ |
|  | કિશન પુનાભાઈ રાજુભાઈ બાવાજી (અઘોરી) રહેવાસી- કાલુપુર ફુટ માર્કેટની સામે ફુટપાથ ઉપર મુળ વતન-ધરાનગર શેરી ન. ૫ જુનાગઢ |

- આ ઉપરાંત પ્રોહીબીશન સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૨ ઇસમો મળી કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને ભુજ, રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.